# || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ કલુષવિદુરાય નમ: || (૪૭)

## અમારામાંના દોષ અને દુર્બળતા દૂર કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન જ્યારે ભક્તોને તેમની નિકટ લાવે છે, ત્યારે તેમનામાં રહેલી દુર્બળતા અને દોષો દૂર કરે છે. જેને લીધે ભક્ત પોતાનું કર્તવ્ય યોગ્ય પ્રકારે બજાવી શકે છે.

ભગવાન બાબાની નજરથી ભક્તોના દોષો કેવી રીતે છૂપા રહે? બાળપણથી જ બધા દોષ અને દુર્ગુણોથી દૂર રહેવું એવો તેમનો આગ્રહ રહેતો. તેની આ એક કથા.

સ્વામી તે વખતે ફક્ત આઠ જ વર્ષના હતા. તે વખતે પુટ્ટપર્તિ ગામની એક પ્રમુખ વ્યક્તિને એવો શોખ હતો કે બધા મિત્રોને ભેગા કરીને ગપાટા મારતા રહેવું. તેમનો આ કાર્યક્રમ આખો દિવસ ચાલતો. બાળ સત્યનારાયણની નજરમાં તેમનો આ દોષ તરત જ આવ્યો અને તેના દુષ્પરિણામ પણ ધ્યાનમાં આવ્યા. આ વ્યક્તિ પોતે તો કામ-ધંધો છોડીને બેઠી જ છે, અને બીજા બધાને પણ તેના જેવા બનાવે છે.

સત્યનારાયણે તેના માટે એક ઉપાય શોધી કાઢયો. તેમણે એક ગીત રચ્યું અને તે તેમના બાળમિત્રોને પણ શીખવ્યું. જે વખતે આ બધી વાતો કરતાં બેઠા હોય ત્યારે ત્યાં જઈને આ બાળકો તે ગીત ગાવા લાગતા.જેનો અર્થ આવો હતોઃ " અરે વડીલ માણસો, તમારી આ વર્તણુકને છોડી દો. સદાચરણના નિયમ તમે પાળતા નથી, આને લીધે તમારા મિત્રો તમારો તિરસ્કાર કરશે અને તમને છોડીને જતા રહેશે. તમારી વર્તણૂકથી તમારા નિકટવર્તી તમને ચપ્પલ બૂટથી મારશે." આ ગીત સાંભળતા તે પ્રમુખ વ્યક્તિ પહેલા અસ્વસ્થ થઈ, પરંતુ આ ગીતની સત્યતા સમજયા પછી તેમણે પોતાનું વર્તન સુધાર્યું. ત્યાર પછી પણ સ્વામીએ આવા અનેક પદ અને નાટક લખ્યાં. જેમાં સમાજના દોષો ઉપર પ્રકાશ પાડ્યો છે. તેમાંનું એક પ્રસિદ્ધ નાટક હતું ' ચેપિનસ્તુ ચેસ્તારા? ' એનો અર્થ 'આપણે જે બોલીએ તેવું જ વર્તન કરીએ છીએ?'

સાઈના શિરડી અવતારની આ એક મજાની વાર્તા.

૧૯૧૧ ની સાલમાં વામનભાઇ પટેલ નામનો એક યુવાન સાઈનાથના દર્શનાર્થે શિરડી ગયો અને સાઈનાથ ની કૃપાને પાત્ર થયો. સાઈનાથ એ તેમને બાબુ કહીને બોલાવ્યો અને ત્યારથી અન્ય

ભક્તો પણ તેમને આ જ નામથી બોલાવવા લાગ્યા. વધતી જતી ઉંમર અને શરીરને લીધે બાબુ થી ભૂખ સહન થતી નહોતી.આમ એક દિવસ, ભૂખ સહન ન થવાથી બાબુએ આખો દિવસ ખાંડની ગુણીમાંથી મૂઠી ભરી ભરીને ખાંડ ખાધી. તેનો આ દોષ કાઢી નાખવાના ઉદ્દેશથી સર્વજ્ઞાન સાઇનાથે તેને એક વાર્તા કહી.

તે બોલ્યા-" એક માણસ મારી પાસે રહેતો હતો. તેને ક્ષયરોગ (ટી.બી.). થયો હતો. તેને ખૂબ જ ત્રાસ થતો હતો. એકવાર સવારના પહોરમાં તેને વહેલો ઊઠાડીને તેના મોઢામાં મેં ખોબો ભરીને ખાંડ નાંખી અને તેને એક ઓરડામાં બંધ કરી દીધો. બહાર આવીને પાણી પીવા માટે તેણે ઘણા ધમપછાડા કર્યા, પરંતુ મારા કહેવાથી કોઈએ તેની વાત ન માની. બપોર પછી તેને બહાર કાઢીને જમવાનું આપવામાં આવ્યું. તેનાથી તે સાજો થઈ ગયો. ખાંડ ખાવાની ઈચ્છા થાય તો ખૂબ જ થોડી ખાવી. " આ વાર્તા સાંભળ્યા પછી બાબુને તેની ભૂલ સમજાઈ અને તેણે તેનું ખાંડ ખાવાનું વ્યસન છોડી દીધું.

આ જ બાબુને એકવાર ભૂખ સહન ન થવાથી, અને લાડુ ખાવાની ઈરછા થવાથી તે વાસુદેવ નામના રસોઇયા (ભોજનાલય વાળા) તરફ જતો સાઈનાથે જોયો અને ત્યાંથી જ તેમણે બૂમ મારીને કહ્યું-" ખાવા માટે જાય છે પણ મરીશ " તેમની તરફ ધ્યાન ન આપતા તે હોટેલમાં ગયો અને બેસનના ત્રણ લાડુ ખાધા. તેનું પરિણામ સાઈનાથે કહ્યા પ્રમાણે જ આવ્યું. બીજે દિવસે બાબુના પેટમાં ખૂબ જ દુખવા લાગ્યું અને જુલાબ શરૂ થઈ ગયા. પ્રાણ આકુળ વ્યાકુળ થઈ ગયા. છેલ્લે, બપોરે સાઈનાથે તેને પ્રસાદની બરફીનો ટુકડો મોકલ્યો તે ખાધા પછી બાબુની તબિયત સારી થઈ અને તેનું અતિ ખાવાનું વ્યસન છૂટયું.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||